ગાંધીનગર સમાચાર Regd. No. GNR/65-G0

# ગાંધીનગરના તજજ્ઞોનું વિશ્લેષણ

## આવકવેરાની મહત્વની જોગવાઈ

- વ્યક્તિગત કરવેરાના માળખામાં કોઈ ફેરફાર કરાયો નથી.
- આવકવેરા ઉપર લાગતો સેસ ૩ ટકાથી વધીને ૪ ટકા થયો.
- જે કંપનીઓનું ટર્નઓવર નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૨૫૦ કરોડથી વધુ નહિ હોય, તેવી કંપનીઓને ૩૦ ટકાને બદલે ૨૫ ટકા આવકવેરો લાગશે.



- પગારદાર કરદાતાઓને રૂ. ૪૦,૦૦૦ સ્ટાન્ડર્ડ ડિડક્શન સુધીનો લાભ મળશે.
- સેર-સિક્યુરિટીના વેચાણ ઉપર લાંબા ગાળાનો મૂડી-નફો રૂ. ૧ લાખથી વધારે હશે તો ૧૦ ટકા ટેક્ષ લેવાશે. જોકે આવી શેર-સિક્યુરિટીની પડતર કિંમત મુડીનફાની ગણતરી માટે ૩૧મી જાન્યુ.૨૦૧૮ના રોજની માર્કેટ કિંમત અથવા ઓરિજિનલ ખરીદ કિંમત, બે માંથી જે વધુ હશે તે ગણાશે.
- મ્યુચુઅલ ફંડના ડિવિડન્ડ ઉપર ૧૦ ટકા મુજબ ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ લાગશે.
- કંપનીઓમાં ડિમ્ડ ડિવિડન્ડ તરીકે ગણાયેલી રકમ ઉપર પણ ડિવિડન્ડ ડિસ્ટ્રીબ્યુશન ટેક્સ લાગશે.
- ટ્રાન્સપોર્ટરને ૪૪એઈ અંતર્ગત વાહનદીઠ રૂ. ૭,૫૦૦ની આવક ગણીને ટેક્સ લાગે છે. પરંતુ, હવે પછી ૧૨ મેટ્રિક ટનથી મોટા વાહનદીઠ રૂ. ૧,૦૦૦ની આવક ગણાશે.
- ૮૦ડી મુજબ મેડિક્લેઈમ પ્રીમિયમની રકમ વ્યક્તિગત કરદાતાઓને રૂ. ૨૫,૦૦૦ સુધીની મર્યાદામાં મજરે મળે છે. ૬૦ વર્ષથી મોટી ઉંમરના (સીનીઅર સિટીઝન) કરદાતાઓ માટે મળતા પ્રીમિયમની રકમ રૂ. ૩૦,૦૦૦ છે. આવા સીનીયર સિટીઝન માટેની રૂ. ૩૦,૦૦૦ની મર્યાદા વધારીને રૂ. ૫૦,૦૦૦ કરવામાં આવી.
- સીનીઅર સિટીઝનને બેંક તથા પોસ્ટ ઓફિસમાં મુકેલી ડિપોઝિટ ઉપર રૂ. ૫૦,૦૦૦ સુધીના વ્યાજની રકમ ઉપર કોઈ ટેક્સ લાગશે નહિ.
- તે મુજબ મેડિકલ ટ્રીટમેન્ટ માટે સીનીઅર સિટીઝન તથા વરિષ્ઠ સીનીઅર સિટીઝનને ૮૦ડીડીબી અન્વયે મજરે મળતી રકમની મર્યાદા રૂ. ૬૦,૦૦૦ તથા રૂ. ૮૦,૦૦૦થી વધારી ૧,૦૦,૦૦૦ કરવામાં આવી.
- સરકારી સંગઠનને મળતું ૮૦પી ૧૦૦ ટકા સુધીની કપાત રૂ. ૧૦૦ કરોડ સુધીના ટર્નઓવર ધરાવતી ખેત ઉત્પાદક કંપનીઓને પણ મળશે.
- આવકવેરાના કાયદા હેઠળની સ્કૂટિની ઈ એસેસમેન્ટના દ્વારા થશે.
- જમીન-મકાનના વેચાણમાં થતો મૂડીનફો ૫૪ઈસીના બોન્ડમાં ૩ વર્ષના સમયગાળા માટે રોકાણ કરતા ટેક્સમાં રાહત મળે છે. આ ૩ વર્ષનો સમયગાળો વધારીને ૫ વર્ષ કરાયો.

અન્ય મહત્વની ભલામણો

- ૧૦ કરોડ પરિવાર (આશરે ૫૦ કરોડ વ્યક્તિ)ને રૂ. ૫ લાખ સુધીનું મેડિકલ વીમા-કવચ મળશે.
- ૮ કરોડ ગેસ જોડાણ ગરીબ મહિલાઓને મફત અપાશે.
- ખેડૂતોને ખરીફ પાકના ઉત્પાદન ખર્ચથી ૧.૫ ગણો સપોર્ટ-ભાવ મળશે.

**- કેતન મહેતા**
**ચાર્ટડ એકાઉન્ટન્ટ**

## બજેટમાં મહત્વના સુધારાની ઝલક

- વ્યક્તિ, HUF, AOP તેમજ BOI માટેની રૂ. ૨૫,૦૦૦૦ની મુક્તિ મર્યાદા યથાવત રાખવામાં આવી છે.
- રહીશ સિનિયર સીટીઝન માટેની ૩૦૦૦૦૦ની મુક્તિ મર્યાદા યથાવત રાખવામાં આવી છે.
- રહીશ સુપર સિનિયર સીટીઝન માટેની ૫,૦૦,૦૦૦ની મુક્તિ મર્યાદા યથાવત રાખવામાં આવી છે.



એટલે કે આવકવેરાની મુક્તિમર્યાદા યથાવત રાખવામાં આવી છે.

- પગારદાર કર્મચારીઓને ૪૦,૦૦૦ સુધી સ્ટાન્ડર્ડ ડીડક્શન મળશે.

એટલે પગારદાર કર્મચારીઓને ૨,૯૦,૦૦૦ સુધી કોઈ વેરો નહી.

- પેન્શનર્સને પણ સ્ટાન્ડર્ડ ડીડક્શનનો લાભ મળશે.
- લાંબા ગાળાનો મૂડીનફો (LTCG) - કલમ-૧૧૨એ ૧,૦૦,૦૦૦થી વધુ હોય તો ૧૦ ટકા (ઈન્ડેલ કોસ્ટવિના) ભરવાના થશે.
- એજ્યુકેશન સેસ ૩ ટકાથી વધારીને ૪ ટકા.
- કલમ ૮૦ડીની કપાતમાં સીનીયર સીટીઝનના કેસમાં ૩૦,૦૦૦ થી વધારીને ૫૦,૦૦૦ કરવામાં આવશે.
- કંપનીઓનું ટર્નઓવર ૨૫૦ કરોડથી ઓછુ હશે તો કોર્પોરેટ ટેક્ષ ૨૫ ટકા લાગશે.
- કલમ ૮૦ જેજેએ હેઠળ ફુટવેર અને લેધર (ચામડા) ઈન્ડસ્ટ્રીઝનો સમાવેશ.
- નવા કર્મચારીને પગારના ૧૨ ટકા જેટલો ઈપીએફમાં ૩ વર્ષ સુધી સરકાર દ્વારા ઉમેરો.
- ૨૦૨૨ સુધીમાં દરેક ગરીબોને ઘર આપવાનું લક્ષ્ય.
- અધ્યાપકોની ટ્રેનીંગ માટે ખાસ પોર્ટલ.
- ૫ લાખ નવા સ્વાસ્થ્ય કેન્દ્ર બનાવાશે.
- હેલ્થ વેલનેસ માટે ૧૨૦૦ કરોડ ફાળવાશે.
- શિક્ષણ માટે ૧૫૦૦ કરોડ ફાળવાશે.
- ૧૦ પ્રવાસન સ્થળોનો વિકાસ થશે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગો બનાવવા માટે બજારમાંથી ફંડ ઉભુ કરાશે.
- લઘુ ઉદ્યોગોની મદદ માટે ૨૦૦ કરોડ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ૧૧૦ કરોડ મકાનો બનશે.
- દેશની દરેક રેલવેલાઈનો બ્રોડગેજમાં ફેરવાશે.
- ૬૦૦ આધુનીક રેલવે સ્ટેશનો બનશે.
- દરેક ટ્રેનમાં સીસીટીવી કેમેરા લગાવાશે.
- ૪૦૦૦થી વધારે માનવરહીત ફાટકો દૂર કરાશે.
- હાલના એરપોર્ટની સંખ્યા બમણી કરાશે.
- દરેક રેલવે સ્ટેશને એસ્કેલેટરની સુવિધા.
- શાળામાં બ્લેકબોર્ડને બદલે ડીજીટલ બોર્ડ દ્વારા શિક્ષણ.
- વડોદરામાં રેલવે યુનિવર્સિટી બનશે.
- દેશમાં ૨૫ નવી મેડીકલ કોલેજો થશે.
- ૨૦૨૦ સુધીમાં ૫૦ લાખ વિદ્યાર્થીઓને સ્કોલરશીપ અપાશે.
- ત્રણ સરકારી વીમા કંપનીઓને એક કરાશે.
- ગોલ્ડ ઉદ્યોગ માટે નવી નીતિ આવશે.
- દેશમાં આંતરરાષ્ટ્રીય કક્ષાના ૧૬ એરપોર્ટ બનશે.

**- હરીશ એચ. ત્રિવેદી**
**ટેક્ષ એડવોકેટ**

# જિલ્લાનું બાળપણ બિમારીના બિછાને

**હૃદયના ૩૧, કિડનીના ૭, કેન્સરના ૨ તેમજ અન્ય ગંભીર બિમારીના ૧૧ કેસ શાળા આરોગ્ય ચકાસણીમાં સામે આવ્યા : ૧૨ હજારથી વધુ બાળકોને સ્થળ પર જ સારવાર આપવામાં આવી**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર જિલ્લાનું બાળપણ હૃદય, કિડની, કેન્સર જેવા રોગો ઉપરાંત આંખ, કાન, નાક ગળાના તથા દાંતના રોગોથી પણ પિડાઈ રહ્યુ છે. જિલ્લામાં શાળા આરોગ્ય ચકાસણી અંતર્ગત ૧,૬૧,૦૪૯ બાળકોની તપાસ દરમ્યાન ૧૨,૨૯૫ને સ્થળ પર જ સારવાર આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં આ ચકાસણી દરમ્યાન ૩૧ હૃદયની, ૭ બાળકો કિડનીની તેમજ બે બાળકોને કેન્સર અને ૧૧ બાળકોને અન્ય ગંભીર બિમારીઓથી પિડાતા મળતાં તેમની સારવાર પણ શરૂ કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૭૫૧ બાળકો સંદર્ભ સેવા પાત્ર જણાતાં તેમને નિષ્ણાત તબીબોની તપાસ માટે મોકલવામાં આવ્યા છે. આ પૈકી ૪૫૦ જેટલા બાળકોની તપાસ નિષ્ણાત તબીબો દ્વારા પૂર્ણ થઈ ગઈ છે અને આ તપાસ ઝડપથી થાય તે માટે મોનીટરીંગ પણ શરૂ કરવામાં આવ્યુ છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે ૧૧૪ બાળકોને બાળરોગના નિષ્ણાત દ્વારા ચકાસવામાં આવ્યા છે. ૨૦૨ બાળકોને દાંતરોગના નિષ્ણાતો દ્વારા તપાસવામાં આવ્યા છે. ૨૨ બાળકોને ચામડીના રોગ જણાતાં નિષ્ણાતો દ્વારા સારવાર શરૂ કરી દેવાઈ છે. ૩૯ બાળકોને કાન-નાક-ગળાના નિષ્ણાતો અને ૪૮ બાળકોને આંખની તકલીફ જણાતાં નિષ્ણાતો દ્વારા તપાસવામાં આવ્યા છે.

જિલ્લામાં ડિસેમ્બરના અંતિમ સપ્તાહથી શરૂ થયેલ આ અતિ મહત્વાકાંક્ષી કાર્યક્રમ ખુબજ ઝડપથી આગળ વધી રહેલ છે. અત્યાર સુધીમાં ૧૮૦ થી વધુ ગામોને આવરી લેવામાં આવેલ છે.

જિલ્લામાં જે રીતે બિમાર બાળકોની સંખ્યા સામે આવી રહી છે તેને ધ્યાને રાખી તંત્રએ તપાસને વધુ સઘન અને ચોક્કસ બનાવવા માટેના સ્પષ્ટ આદેશો તબીબી અધિકારીઓને આપી દીધા છે.

જિલ્લામાં બાળકોમાં જે રીતે ગંભીર બિમારીના કેસો સામે આવી રહ્યા છે તે ચિંતાજનક હોવાનું આડકતરી રીતે તંત્રના અધિકારીઓ માની રહ્યા છે.



સફાઈ ઝુંબેશ - સિવિલ હોસ્પિટલના પાછળના વિસ્તારમાં ખડકાયેલા ગંદકીના ઢગ હટાવવાની કામગીરી હાથ ધરાઈ છે... આસપાસના વાતાવરણમાં સ્વચ્છતા જળવાય તો સિવિલની હોસ્પિટલની ગરીમા વધશે.

# સે-૧૯ જીમખાના સંકુલમાં રેસ્ટોરન્ટ તેમજ નવા રૂમો બંધાશે

**સ્વીમીંગ પુલ નવો બનાવવાની સાથે જીમખાનાના રીનોવેશનની કામગીરી પણ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૧

શહેરના સે-૧૯ જીમખાનામાં બાળકો માટે નવો સ્વીમીંગ પુલ બનાવવાનુ કામ ટુંકમાં શરૂ કરાશે. જયારે સે-૧૯ જીમખાનાના રીનોવેશનનુ કામ પણ હાથ ધરવા માટે નવી કાર્યયોજના તૈયાર કરવામાં આવી રહી છે. જીમખાનાને અનુલક્ષી રૂ ૧૫.૮૬ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જે અન્વયે નવી રેસ્ટોરન્ટ તેમજ નવા રૂમો પણ બાંધવામાં આવશે.

શહેરમાં સે-૨૧ જીમખાનાને નવારૂપરંગ આપવામાં આવ્યા બાદ હાલ જીમખાનાનુ સ્ટેડિયમ નવુ બનાવવા માટે કામ ચાલી રહયુ છે. ક્રીકેટ સ્ટેડિયમને અનુલક્ષી નવી પીચ પણ તૈયાર થઈ રહી છે. આગામી દિવસોમાં આ મેદાનમાં ઉચ્ચ કક્ષાની મેચો રમી શકાય તે મુજબનુ ક્રીકેટ સ્ટેડિયમ તૈયાર કરવામાં આવી રહયુ છે. જયારે શહેરમાં બાળકો માટે એક પણ સ્વીમીંગ પુલ ન હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા સે-૧૯ જીમખાનામાં બાળકો માટે ખાસ સ્વીમીંગ પુલ બાંધવાનુ કામ પણ ટુંકમાં શરૂ કરી દેવાશે. દોઢ ફુટની ઉંડાઈ ધરાવતા આ સ્વીમીંગ પુલના નિર્માણ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. જયારે આ ઉપરાંત જીમખાનાના હયાત સ્વીમીંગ પુલનુ પણ રીનોવેશન કરવામાં આવશે. વધુમાં જીમખાનાના પાર્કીંગ પ્લેસને પણ અપગ્રેડ કરાશે. જીમખાના સ્વીમીંગ પુલની કામગીરી ઉપરાંત સમગ્ર જીમખાના સંકુલનુ રીનોવેશન કરવામાં આવશે. જેમાં મુખ્યત્વે રેસ્ટોરન્ટ તેમજ નવા રૂમો પણ બાંધવામાં આવશે. શહેરમાં સે-૧૯ જીમખાના લાંબા સમયથી અસ્તિત્વ ધરાવે છે. જયારે દાયકાઓ જુના આ જીમખાનામાં નગરના વી વી આઈ પી ની પણ વિશેષ અવરજવર રહે છે. જેને ધ્યાને લઈ આગામી દિવસોમાં જીમખાનાની કાયાપલટ કરવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવશે. જો કે હજુ સ્વીમીંગ પુલની કામગીરીને મંજુરી આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જયારે આગળની કાર્યયોજના અંગે આખરી નિર્ણય લેવાયા બાદ કામ હાથ ધરાશે.

# શનિવારે સ્થાયી સમિતિની બેઠક

**ડ્રાફ્ટ બજેટમાં સુધારા-વધારા કરાશે : વાહનવેરાની દરખાસ્ત બીજીવાર પણ પડતી મુકાય તેવા સંકેતો**

ગાંધીનગર, તા. ૧

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની બેઠક ૩જી ફેબ્રુઆરીના રોજ મનપાના સ્થાયી સમિતિના ખંડમાં મળશે. સ્થાયી સમિતિની બેઠકમાં કમિશ્નર દ્વારા રજુ કરાયેલ ડ્રાફ્ટ બજેટ પર ચર્ચા વિચારણાને અંતે તેમાં સુધારા સૂચવવામાં આવશે.

મળતા નિર્દેશો મુજબ વેરાના આકરા ભારણ સામે સભ્યોમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે સામે સેવાઓના સઘનીકરણની પણ એટલી જ તીવ્ર લાગણી પણ સભ્યો ધરાવી રહ્યા છે. સામાન્ય ફેરફારો બજેટની વેરા દરખાસ્તોમાં કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

મનપામાં સત્તાધારી પક્ષના કેટલાક સભ્યોનું સ્પષ્ટ માનવુ છે કે કડવી દવા સારા સ્વાસ્થ્ય માટે જરૂરી છે એ રીતે સારી સેવા માટે વેરા જરૂરી છે. આથી સામાન્ય સુધારાઓ કર દરખાસ્તમાં કરાવી જોઈએ.

મનપાના બજેટમાં વહીવટીય સુધારણાની જે દરખાસ્ત રજુ કરવામાં આવી છે તેને સ્થાયી સમિતિ મંજૂરી આપશે તેમ મનાઈ રહ્યું છે. આ ઉપરાંત ડોર ટુ ડોર કલેક્શન ચાર્જમાં ફેરફાર કરાય તેવા સંકેતો મળી રહ્યા છે પરંતુ દરખાસ્ત કાયમ રહેશે કારણ કે ૧૪મા નાણાંપંચમાં પણ આ બાબતે આગ્રહ સેવવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# આગામી સોમવારે નેશનલ એચિવમેન્ટ સર્વે અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની કસોટી

**જિલ્લામાંથી ધોરણ -૧૦ના સાડા ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે**

ગાંધીનગર, તા. ૧

વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરના આંકલન માટે નેશનલ એચિવમેન્ટ સર્વે અન્વયે જિલ્લામાં સોમવારે એક કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે. જિલ્લાની ૮૦ થી વધુ શાળાના સાડા ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓ આ કસોટી આપશે. શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનારી બાર્ડ કસોટી પુર્વે આ રાષ્ટ્રીય કક્ષાની આ પરીક્ષા લેવાશે.

આગમી માર્ચ મહીનામાં ધોરણ -૧૦ અને ૧૨ ની બોર્ડ કસોટીનુ આયોજન કરવામાં આવ્યુ છે.હાલ વિદ્યાર્થીઓ આ પરીક્ષાની ગળાડુબ તૈયારીમાં છે. જયારે બોર્ડ પરીક્ષા પુર્વે શિક્ષણ વિભાગ દ્વારા નેશનલ એચિવમેન્ટ સર્વે અંતર્ગત એક કસોટીનુ આયોજન કરવામં આવ્યુ છે. કેન્દ્ર સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર ભારતના ધોરણ -૧૦ ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક સ્તરના આંકલન માટે આ ખાસ પરીક્ષા લેવામાં આવશે. જેમાં બોર્ડની માન્યતા પ્રાપ્ત તમામ શાળાઓમાંથી ઓછમાં ઓછા ૧૫ જયારે વધુમાં વધુ ૪૫ વિદ્યાર્થીઓને પરીક્ષાર્થી તરીકે ખાસ આંકડાકીય રીતે પસંદ કરાયા છે. જિલ્લાની ૮૦ થી વધુ શાળાના સાડા ત્રણ હજાર જેટલા વિદ્યાર્થીઓને આ પરીક્ષા માટે પસંદ કરાયા છે. આગામી સોમવારે યોજાનારી આ પરીક્ષા ઓ એમ આર પધ્ધતિથી લેવાશે. જયારે આ પરીક્ષામાં ગુજરાતી અંગ્રેજી, ગણિત વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનને આવરી લેતુ પ્રશ્નપત્ર હશે. જેના લીધે ધોરણ -૧૦ ના પરીક્ષાર્થીઓ માટે આ કસોટી એક પ્રકારના રીવીઝન વર્ક સમાન સાબિત થશે.

# તાલુકા પંચાયતની ચૂંટણી માટે રાજકીય લોબિંગમાં કાર્યકરોની ભારે ભીડ ઉમટી

ગાંધીનગર, તા. ૧

ગાંધીગર તાલુકા પંચાયતની ચૂંટણીઓ જાહેર થતાં જ ટિકિટવાંચ્છુઓ દ્વારા દોડાદોડી કરતા આજે જોવા મળ્યા હતા. આ તાલુકા પંચાયતનો ચૂંટણી જંગ ભાજપ-કોંગ્રેસ વચ્ચે સીધો રહેશે અને રોચક પણ રહેશે તેવા અનુમાનો રાજકીય વર્તુળોમાંથી વ્યક્ત થઈ રહ્યા છે.

ભાજપ-કોંગ્રેસના ટિકિટવાંચ્છુ કાર્યકરો ક્યાંક એકલા તો ક્યાંક પ્રતિનિધિમંડળો સાથે જિલ્લાના આગેવાનોને રજુઆત કરવા દોડતા નજરે પડ્યા હતા. આ વખતે કોંગ્રેસમાં ટિકિટવાંચ્છુઓ વધુ જોવા મળી રહ્યા છે એટલુ જ નહિ આખો દિવસ આ માટે રજુઆતકર્તાનો ઘસારો જિલ્લા પંચાયતમાં પણ રહેવા પામ્યો હતો.

જિલ્લા પંચાયત ખાતે પૂર્વ પ્રમુખ જશુભા રાણા, ગાંધીનગર(ઉ)ના ઉમેદવાર ગોવિંદજી સોલંકી, પંચાયત પ્રમુખ રામાજી ઠાકોર, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, કારોબારી સમિતિના ચેરમેન અરવિંદસિંહ સોલંકી, ઉપપ્રમુખ ભરતભાઈ પટેલ સહિતના આગેવાનો હાજર હતા અને તેમણે કાર્યકરોની રજુઆતો સાંભળી પક્ષના દેખાવ તેમજ તાલુકા પંચાયત પર કબ્જો જમાવવા માટે મક્કમતાથી લડત આપવાનો સંદેશ આપ્યો હતો.

બીજી તરફ સે. ૨૧માં ભાજપના કાર્યાલય ખાતે પણ ટિકિટવાંચ્છુઓ પહોંચ્યા હતા. ભાજપમાં રજુઆતોનો સિલસિલો પુરો થઈ ગયો છે અને નિરીક્ષકો દ્વારા પેનલો પણ તૈયાર કરી પ્રદેશ સમિતિને મોકલી આપવામાં આવી છે.

આ વખતે ગાંધીનગર તાલુકા પંચાયતમાં ભાજપ માટે કપરા ચડાણ લાગી રહ્યા છે. અહિ ભાજપ પાસે સત્તા છે પણ વિધાનસભાના જંગમાં ૩૬ બેઠકોમાંથી ૨૬થી વધુ બેઠકો પર કોંગ્રેસે સરસાઈ હાંસલ કરી હતી એટલુ જ નહિ સીમાંકન વખતે પાયાના કાર્યકરોને ક્યાંય વિશ્વાસમાં લેવાની કામગીરી જિલ્લા એકમ દ્વારા કે તાલુકા એકમ દ્વારા કરાઈ ન હતી અને તેથી કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે એટલુ જ નહિ પક્ષમાં જે રીતે જૂથબંધી જામી છે તે આ વખતે સત્તા સુધી પહોંચાડવામાં પક્ષ માટે ભારે કવાયતનો મુદ્દો બન્યો છે.




ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭


સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# નિરંજન ભગતનું દુ:ખદ અવસાન

ગાંધીનગર, તા.૧

ગુજરાતી સાહિત્યના જાણીતા કવિ નિરંજન ભગતનું આજે દુ:ખદ અવસાન થયું છે.

ગુજરાતી સાહિત્યમાં તેઓના નગરજીવનના કાવ્યો એ સૌથી મોટુ પ્રદાન છે. ૧૮મી એપ્રિલ ૧૯૨૬ના રોજ જન્મેલ કવિ નિરંજન ભગત એ સારા નિબંધકાર પણ હતા. અમદાવાદમાં જન્મેલા નિરંજનભાઈનું પ્રાથમિક શિક્ષણ કાલુપુર શાળા નં.૧ અને માધ્યમિક શિક્ષણ પ્રોપાઈટરી તથા નવચેતન હાઈસ્કૂલમાં લીધું હતું.



૧૯૪૨માં સ્વાતંત્ર્ય ચળવળમાં ભાગ લેવા તેમણે અભ્યાસ છોડ્યો. ૧૯૪૪માં મેટ્રીક થયા, એલ.ડી. આર્ટસ કૉલેજ અને એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી તેમણે બી.એ.ની પદવી એન્ટાયર અંગ્રેજી વિષય સાથે પ્રાપ્ત કરી હતી.

૧૯૫૭-૫૮માં સંદેશ દૈનિકના સાહિત્ય વિભાગના સંપાદક, ૧૯૭૭માં ગ્રંથ માસિકનું સંપાદન, ૧૯૭૮-૭૯ ત્રૈમાસિક સાહિત્યના તંત્ર તરીકે સેવાઓ આપેલી.

કિન્નરી તેમનો પ્રસિદ્ધ ગીત સંગ્રહ છે. 'રે આજ અષાઢ આયો' કે 'હરિવર મુજને હરી ગયો' જેવી પ્રસિદ્ધ રજનાઓ પણ તેમણે આપી છે. મુંબઈ વિશેના કાવ્યોનો ગુચ્છ 'પ્રવાસદ્વીપ' પણ એટલો જ પ્રસિદ્ધ છે. યંત્ર વિજ્ઞાન અને મંત્ર કવિતા એ તેમનો વિવેચન નિબંધ. આ નિબંધના કલ્પેલા સાત ખંડોમાંથી પૂર્વાધરૂપે પાંચ ખંડોને વિષય વસ્તુની એકતા જળવાય એ રીતે લીધા છે.

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2008 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com